ખુનના ગુનામાં સને-૨૦૧૬ થી નાસતા ફરતા આરોપીને ઓરીસ્સા રાજ્યના ભુવનેશ્વર ખાતેથી ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેરમાં બનેલ ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને સત્વરે પકડી પાડવા ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ માણસોની ટીમ કામગીરીમાં રોકાયેલ હતા દરમ્યાન પો.સ.ઇ.પી.કે.પટેલ નાઓની ટીમના એ.એસ.આઈ.પ્રકાશભાઈ પુંજાલાલ અને હે.કો.શિવાજી આનંદરાવ નાઓને મળેલ હકીકત આધારે સરથાણા પો.સ્ટે. I ગુ.ર.નં-૧૬/૨૦૧૬ ઈ.પી.કો. ક.૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનામાં આજદિન સુધી કોઇ આરોપી પકડાયેલ ન હોય, જેથી સદર ગંભીર ગુનાના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ આશરે છએક મહીના સુધી વર્ક આઉટ કરી, આરોપી વિશે પુરતી માહીતી એકત્રીત કરેલ જેમા સદર આરોપી માનસ જેના ઓરીસ્સા ભુવનેશ્વર ખાતે કડીયાકામની મજુરી કરતો હોવાની ખરાઈ થયેલ જેથી ડી.સી.બી.પો.સ્ટે. પો.સ.ઇ. પી.કે.પટેલ નાઓની પોલીસ માણસો સાથેની ટીમ ઓરીસ્સા ભુવનેશ્વર ખાતે જઈ ત્યાં ત્રણ દિવસ સુધી આરોપીની વોચ કરી ભુવનેશ્વર શહેરમાં આવેલ ધાતીકીયા વિસ્તારમાંથી સદર ગુનાના વોન્ટેડ આરોપીઃ- માનસ s/o રૂમાચરણ જેના ઉ.વ.૨૮ રહે. લાઠીપાડા જેનાસહી, પોસ્ટ. સોરાડા, જી.ગંજામ.(ઓરીસ્સા) તથા રહે. પ્લોટ નં-૫૭૫ નંદા સાહી, ધાતીકીયા, પો.સ્ટે.-ખંડાગીરી, ભુવનેશ્વર, જી.ખુરદા, (ઓરીસ્સા) નાને પકડી પાડી આ ગુનાના ફરીયાદીશ્રી નાઓના સાળાનાને આરોપી માનસ રૂમાચરન જેના અને સંતોષ ધોબા ડાકુવા નાઓએ પૈસાની લેતીદેતીમાં અદાવત રાખી ઝઘડો તકરાર કરી આરોપીઓએ એકબીજાની મદદગારીથી તા.૨૫/૦૧/૨૦૧૬ ના રોજ કલાક.૨૧/30 થી કલાક ૨૨/૧૫ વાગ્યા દરમ્યાનમાં મારૂતી ઈન્ડસ્ટ્રીઝ વિ-૨, પાસે સંચા મશીનના લાકડાના ફટકા વડે માર મારી, બેલ્ટ વડે ગળાના ભાગે ફાંસો આપી હત્યા કરી નાસી ગયેલ હતા. જેઓને પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.